
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પોષ



અંક ૩ પુસ્તક ૯૫

સંવત ૨૦૩૪ તા. ૭ મી ફેબ્રુઆરી ૧૯૭૮

: પ્રગટ :

: શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : વર્ષ ૯૭ મુ :

વાર્ષિક લવાજમ
પોસ્ટેજ સહિત ૬-૫૦

## —: अनुक्रमणिक :—



| ક્રમ | લેખ | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧ | અનુભવ | સ્વ. ચત્રભુજ હરજીવન | ૩ |
| ૨ | શ્રી જૈન રામાયણ | શ્રી ત્રિષષ્ટિશલાકા ચરિત્રમાંથી | ૪ |
| ૩ | શંખેશ્વરા પાર્શ્વનાથ | શરણાર્થી | ૬ |
| ૪ | દેવ અરિહંત | મણીલાલ મો. ધામી | ૭ |
| ૫ | કર્પુર સૌરભ | અમરચંદ માવજી શાહ | ૮ |
| ૬ | શ્રમણ ભગવાન મહાવીર | વિજયધર્મસૂરીશ્વરજી | ૧૦ |
| ૭ | હીરા-માણેક-મોતી | રતિલાલ માણેકચંદ શાહ | ૧૧ |
| ૮ | અઢાર પાપસ્થાનકો સંબંધી સાહિત્ય | પ્રો હીરાલાલ ર. કાપડીયા | ૧૨ |
| ૯ | માળારોપણ કાવ્ય | અમરચંદ માવજી શાહ | ૧૬ |





ચોરાણુ વર્ષથી નિયમિત પ્રગટ થતું જૈન સમાજનું જુનામાં જુનું
ધાર્મીક નૈતિક માસિક

"જૈન ધર્મ પ્રકાશ"

જેમાં તત્ત્વાજ્ઞાન, ધર્મકથા, ભકિતપ્રધાન રસ સામગ્રી રજુ કરવામાં આવે છે.
આપ તેમાં આપના ધંધાના વધુ વિકાસ અર્થે જાહેર ખબર આપો—


**અમારા જાહેર ખબરના દર નીચે મુજબ છે :**

| | | |
|---|---|---|
| ટાઈટલ પેજ (છેલ્લુ) ચોથુ આખુ પાનુ એક વખતના | રૂા. | ૧૦૦-૦૦ |
| ટાઇટલ પેજ નં ૨ અથવા નં. ૩ આખુ પાનુ | રૂા. | ૭૫ ૦૦ |
| અંદરનું આખુ પાનું | રૂા. | ૫૦-૦૦ |
| અંદરનું અર્ધું પાનુ | રૂા | ૩૦-૦૦ |
| અંદરનું પા પાનું | રૂા. | ૨૦-૦૦ |

તા ક અમારો આગામી અંક તા. ૭-૪-૭૮ નાં રોજ પ્રસીદ્ધ થશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૯૫મું
અંક ૩

પોષ

વીર સં. ૨૫૦૨
વિક્રમ સં. ૨૦૩૪

## અનુભવ

(માતપીતાની સેવા ત્યાગી, તેથી દેશ થયો દુર્ભાગી એરાગ)

ચડતી તો સદ્‌ગુણી સદ્‌ભાગી, પડતીતો દુર્ગુણ દુર્ભાગી ચડતી એટેક.
ચડતી ચડાવે પડતી પોકારે, હોળી દીવાળી પ્રમાણે

ચડતી પડતી ધનમાં માને, ન્યાય કર્માધીન જનતાણે.....ચડતી. ૧
ચડતી પડતીમાં બને જનતો, કર્મે ચોર શાહુકાર,
ઉદ્યમ બિચારાને ન વખાણે લક્ષ્મીનો જ્યાં કારભાર ... ચડતી ૨

માણાંતિ કષ્ટ જે સદ્‌ગુણ પાળે; તે જીવાધીન જન જાણો,
અનુભવના એ મુળ ચડતીના, પડતી ચતુર પીછાણો ... ચડતી ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ) **શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાં**

અહીં જ્યારે પુત્રનું હરણ થયું ત્યારે રાણી વિદેહાએ કરૂણ સ્વરે રુદન કરી પોતાના કુટુંબીને શોકસાગરમાં મગ્ન કરી દીધા રાજા જનકે તેની શોધ કરવા માટે પ્રત્યેક દિશામાં દૂતો મોકલ્યા; પરંતુ લાંબે કાળે પણ તેના ખબર કોઈ ઠેકાણેથી મળ્યા નહિ. જનક રાજાએ 'આ પુત્રીમાં અનેક ગુણરૂપ ધાન્યના અંકુરો છે' એવું ધારી તે યુગલિકપણે જન્મેલી પુત્રીનું સીતા એવું નામ પાડયું. કેટલેક કાળે તેમનો શોક મંદ પડી ગયો, કારણ કે આ સંસારમાં માણસ ઉપર શોક અને હર્ષ આવે છે અને જાય છે. સીતા કુમારી રૂપ-લાવણ્યની સંપત્તિ સાથે વૃદ્ધિ પામવા લાગી હળવે હળવે તે ચંદ્રલેખાની જેમ કળાપૂર્ણ થઈ ગઈ અનુક્રમે એ કમળાક્ષી બાળા યૌવન વયને પ્રાપ્ત થતાં ઉત્તમ લાવણ્યમય લહરી-ઓની સરિતા થઇ સતી લક્ષ્મીની જેવી દેખાવા લાગી. તેને જોઇને 'આને યોગ્ય વર કોણ થશે?' એમ જનક રાજા રાતદિવસ ચિંતા કરવા લાગ્યા તેણે પોતાના મંત્રીઓની સાથે વિચાર કરીને પોતાના ચક્ષુએ અનેક રાજાઓના કુમારોને જોયા; પણ તેમાંથી કોઇ પણ તેને રૂચિકર થયો નહિ.

તે સમયે અર્ધબર્બર દેશના આતરંગતમ વિગેરે દૈત્ય જેવા ઘણા મ્લેચ્છ રાજાઓ આવીને જનકની ભૂમિ ઉપર ઉપદ્રવ કરવા લાગ્યા. કલ્પાંતકાળના સમુદ્રજળની જેમાં તેમનો નિરોધ કરવાને અસમર્થ એવા જનકે દશરથ રાજાને મદદ માટે બોલાવવા એક દૂત મોકલ્યો મોટા મનવાળા દશરથ તે આવેલા દૂતને સસંભ્રમથી બોલાવી પોતાની પાસે બેસારીને જે કાર્ય માટે આવ્યો હોય તે કહેવા કહ્યું દૂત બોલ્યો—'હે મહાભુજ! મારા સ્વામીને અનેક આપ્ત પુરુષો છે, પણ આત્માની જેમ તેઓના હૃદયમિત્ર તો તમે એકજ છો. રાજા જનકને સુખદુઃખમાં ગ્રહણ કરવા યોગ્ય તેમ જ છો. અધુના તેઓ વિધુર છે તેથી તેઓએ કુળદેવ તાની જેમ તમારૂં સ્મરણ કર્યું છે. વૈતાઢયગિરિની દક્ષિણમાં અને કૈલાસ+ પર્વતની ઉત્તરમાં ભયંકર પ્રજાવાળા ઘણા અનાર્ય જનપદો × છે તેઓમાં બર્બર કુળના જેવો અર્ધબર્બર નામે દેશ છે તે દારૂણ આચારવાળા પુરૂષોથી અત્યંત દારૂણ છે. તે દેશના આભૂષણરૂપ મયૂરસાલ નામે નગર છે, તેમાં આતરંગતમ નામે અતિદારુણ મ્લેચ્છ રાજા છે. તેના હજારો પુત્રો રાજા થઈને શુક, મંકન અને કાંબોજ વિગેરે દેશોને ભોગવે છે હમણાં તે આતરંગતમ રાજાએ અક્ષય અક્ષોહિણી(સેના)વાળા તે સર્વ રાજાઓ સહિત આવીને જનક રાજાની ભૂમિને ઉપદ્રવિત કરી નાંખી છે તે દુરાશયોએ પ્રત્યેક ચૈત્યોનો નાશ કર્યો છે. તેઓને જન્મપર્યંત પહોંચે તેટલી સંપત્તિ મેળવવા કરતાં પણ ધર્મમાં વિઘ્ન કરવું વિશેષ ઈષ્ટ છે; માટે અત્યંત ઈષ્ટ એવા ધર્મનું અને જનક રાજાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રક્ષણ કરો. તે બંનેના તમે પ્રાર્થરૂપ છો." આ પ્રમાણે દૂતના વચન સાંભળીને તત્કાળ દશરથ રાજાએ યાત્રાભેરી વગડાવી. સત્પુરૂષોની રક્ષા કરવામાં કદિ વિલંબ કરતા નથી. તે વખતે રામે આવીને પિતા પ્રત્યે કહ્યું કે—"હે પિતા ! મ્લેચ્છ લોકોનો ઉચ્છેદ કરવાને માટે તમે જાતે જશો, ત્યારે અનુજબંધુ સહિત આ રામ અહીં શું કરશે ? પુત્રના સ્નેહને લીધે તમે અમને અસમર્થ ગણો છો, પણ ઇક્ષ્વાકુવંશના પુરૂષોમાં જન્મથી જ પરાક્રમ સિદ્ધ છે માટે હે પિતા તમે પ્રસન્ન થઇને વિરામ પામો અને મ્લેચ્છોનો ઉચ્છેદ કરવાની મને આજ્ઞા આપો થોડા કાળમાં તમે આપના પુત્રની જયવાર્તા સાંભળશો. આ પ્રમાણે કહી મહાપ્રયત્ને રાજાની આજ્ઞા મેળવી રામ પોતાના અનુજબંધુઓ સહિત મોટી સેના લઇને મિથિલાપુરીએ ગયા. જેમ મોટા વનમાં ચમુરૂ, હાથી, શાર્દુલ અને સિંહો દેખાય તેમ તેણે નગરીના પરિસર ભાગમાં મ્લેચ્છ સુભટોને દીઠા જેમની ભુજાઓમાં રણ કરવાની કંડુ (ખરજ) આવે છે અને જેઓ પોતાને વિજયી માને છે એવા તે મ્લેચ્છો તત્કાળ તે મહાપરાક્રમી રામને ઉપદ્રવ કરવા લાગ્યા. રજને ઉડાડનારો મહાવાયુ જેમ જગતને અંધ કરે તેમ તેઓએ ક્ષણવારમાં રામના સૈન્યને અસ્ત્રોવડે આંધળી કરી દીધુ તે સમયે શત્રુઓ અને તેમનું સૈન્ય પોતાની જીત માનવા લાગ્યું, જનક રાજા પોતાનું મરણ માનવા લાગ્યો અને લોકો પોતાનો સંહાર ધારવા લાગ્યા. એટલામાં તો હર્ષ માનતા રામે ધનુષને પણચ ઉપર ચડાવ્યું અને રણનાટકના વાજીંત્રરૂપ તેનો ટંકાર શબ્દ કર્યો પછી પૃથ્વી પર રહેલા દેવની જેમ ભૃગુટીના ભંગને પણ નહિ કરતા રામે મૃગોને શીકારીની જેમ તે ધનુષ્યવડે કોટી મ્લેચ્છોને વીંધી નાખ્યા. આ જનક રાજા રાંક છે, તેનું સૈન્ય એક મસલા જેવુ છે અને તેની સહાય કરવાને આવેલુ સૈન્ય તો પ્રથમથી જ દીનતાને પામી ગયું છે પણ અરે આ બાણો આકાશને પણ આચ્છાદન કરતાં ગરૂડની જેમ અહીં આવે છે તે કોના હશે ? તેમ પરસ્પર બોલતા આતરંગાદિક મ્લેચ્છ રાજાઓ કોપ અને વિસ્મય પામી નજીક આવીને રામની ઉપર એક સાથે અસ્ત્રવૃષ્ટિ કરવા લાગ્યા દુરાપાતી, દઢઘાતી અને શીઘ્રવેધી રાઘવે (રામે) હાથીઓને અષ્ટાપદની જેમ તે મ્લેચ્છોને હેલામાત્રમાં ભગ્ન કરી દીધા ક્ષણવારમાં તે મ્લેચ્છો કાકપક્ષીની જેમ દશે દિશામાં નાસી ગયા એટલે જનક રાજા અને જનપદના લોકો સર્વ સ્વસ્થ થયા. રામનુ પરાક્રમ જોઇને હર્ષ પામેલા જનક રાજાએ પોતાની પુત્રી સીતા, રામને આપી રામના આવવાથી જનકને પુત્રી માટે યોગ્ય વરની પ્રાપ્તિ અને મ્લેચ્છોનો વિજય એમ બે કામ સિદ્ધ થઇ ગયા.

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શંખેશ્વરા પાર્શ્વનાથ

લેખક : શરણાર્થી

એ છ વીરોનુ તેમજ તેમના પક્ષના હજારો મહારથીઓનું યુદ્ધ થયું બીજાના પરાક્રમને નહી સહન કરનાર એ વીરમાની મહાનેમિએ બહુબોલા અને દુર્મુદ રૂષિને અશ્વ અને રથ વગરનો કરી દીધો એટલામાં રૂણિની મદદે બીજા સાત રાજાઓ દોડી આવ્યા. એક હાથે લડતાં એ શીવાદેવી કુમારે સાતેના બાણ કમળની માફક ભેદી નાખ્યા જેથી શત્રુરાજાએ મહાનેમિ ઉપર એક શકિત ફેંકી જાજલ્યમાન એવી તે શકિતથી યાદવો ક્ષોભ પામી ગયા તે શકિતના મુખમાંથી હજારો વિવિધ આયુષ્યને ધારનારાં તે અરસામાં શકના સારથી માલતિએ અરિષ્ટનેમિને કહયુ ભગવાન પૂર્વે રાવણે ધરણેદ્ર પાસેથી જય અમોધ વિજયા શક્તિ મેળવી હતી. તેમ આ શક્તિ પણ શત્રુંતપ રાજાએ તપ કરીને બલીન્યુ પાસેથી મેળવી છે. તે શક્તિયાત્રા વજ્રથીજ ભેદાય તેવી છે."

એમ કરીને માતલિએ નેમિકુમારની આસાથી મહાનેમિના બાણમાં વજ્રનુ સંક્રમણ કર્યું. એ વજ્રમય બાણાના પ્રહારથી મનસ્વી મહાનેમિ એ તે શક્તિને પૃથ્વી પર પાડી નાખી. પછી તે રાજાને રથ અને શસ્ત્રાશસ્ત્ર વગેરનો કરી દીધો. બ કીના છે રાજા ન ધનુષ્ય ફરીને છેદી નાંખ્યા, તરતજ રૂકિય બીજા રથમાં બેસીને તેમની મદદે દોડી આવ્યો, રૂકિય જે જે આયુધ લે તે તે આયુધ મહાનેમિ છેદિ નાંખે એવી રીતે તેના વીશ ધનુષ્ય છેદી નાંખ્યા. આખરે રૂકિયએ કૌબરી નામની ગદા મદદ મહાનેમિ ઉપર નાંખી તેને મહાનેમિએ અગ્નાસ્ત્રથી ભસ્મ કરી નાંખી. બીજાની મદદની અપેક્ષા નહીં રાખનાર રૂકિયએ મહાનેમિ ઉપર વેરામન નામે બાણ મૂકયું. મહાનેમિએ માહે દબાણથી તેને નિવાર્યું. છેવટે મહાનેમિએ એક તિક્ષગ બાણની રૂકિયને ઘાયલ કર્યો તેના ઘાથી દુઃખી થયેલો અને મૂહર્છા પામેલો રૂકિય તેને પોતાના રથમાં ઉપાડી લઈને વેણુકારી લઇ ગયો. બીજા સાતે રાજાએ મહાનેમિથી ત્રાસ પામીને શાંત નાશી ગયા.

બીજી તરફ સમુદ્ર વિજય દ્રુમને સ્તિમિતે ભદ્રકંદને અને અક્ષોભ્યે વસુસેન. રાજાને મારી નાંખ્યા, સાગરે પુરિમિત્રનામના રાજાને યુદ્ધમાં મારી નાંખ્યો પૂરણ યુપદને, સુતેમિને અને કુંતિભોજને સત્યનેમિએ મહાપદ્મને દ્રઢ નેમિએ શ્રીદેવને જીતી લીધા. તેથી યાદવ વીસેથી ભય પામેલા શત્રુરાજાઓ હિરણ્યના ભને શરણે ગયા.

બીજે દિવસે પ્રાતઃ કાળે મહારથી રાજાઓથી વિટાયેલો હિરણ્યનાભ યાદવોના સૈન્યમાં સોસરો પેઠો. પોતાનાં તીક્ષ્ણ બાણોએ કરીને આકાશ છવાઈ રહ્યું.

ક્રમશઃ

For Private And Personal Use Only

# દેવ અરિહંત

લેખક : મણીલાલ મો. ધામી

(૧) અનંત દર્શન (૨) અનંત જ્ઞાન (૩) અનંત સુખ (૪) અને અનંત બળ અર્હંતને હુગપ્યા એટલે કે ભગવાનને દર્શન જ્ઞાન ત્રણે લોકનું તેમજ આત્માજ્ઞાન ઝળકયા કરે છે અને અનંત સુખ એટલે ક્ષણીક સુખ નહિ. પરંતુ શાશ્રત સુખના સ્વામી થયા છે અને વીર્યયાને બળ અવંત થયું છે એટલે અનંત કાળ સુધી એકને એકજ અવ-સ્થાર કાળી રાખવાને સમર્થ (બળવાન) થયા છે એટલે કે જ્ઞાન દર્શન જાય રહી અનંત સુખ ભોગવતા થયા છે આવા ગુણો અનંત અતરંગને બાહ્ય ગુણોનું સ્વરૂપ જાણે તો અર્હંત ભગવાનનો મહિમા આવે ને નમોકાર મંત્ર બોલતા પહેલા ઉચ્ચારમાં જ અર્હંત બોલતા અર્હંત ભગવાનનું સ્વરૂપ ધ્યાનમાં આવે અને તેનું અભનય પુન્ય મળે એવી રીતે પાંચે પરમેપઠીનું સ્વરૂપ જાણી નમોકાર મંત્ર ભણવામાં આવે તો કેટલુ પુન્ય થાય? તેનો ખ્યાલ આપ કરશો હવે પછી બીજા ચાર પરમેપઠી ભગવાનનું સ્વરૂપ કહીશ.

## -: પ્રભુ પ્રાર્થના :-

(રાગ-પીલુ બરલા-તરજ)

મંગલમય મુદભર મનમંદિરીએ,
પ્રગટો શ્રી મહાવીર;
તારક ધારક જિન ધર્મતણા મહા,
તીર્થંકર તપધીર. ટેક.
જિતેંદ્રિય જ્યોતિર્ધર જિનવર,
ત્યાગમૂર્તિ સંયમ સાધક નર.
શુભ સ્યાદ્‌વાદ શાસન શાસક,
સંચાલક શ્રી મહાવીર તારક.
કર્મમાર્ગ પર પ્રખર પ્રકાશક,
પરમ ધર્મ અહિંસા ઉદ્ધારક.
અજ્ઞાનતિંમિરહર,
જ્ઞાન પ્રભાકર સિદ્ધ શ્રેષ્ઠ મહાવીર. તારક.

"સીતારામ"

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્પુર સૌરભ

(હપ્તો ૨ જો ચાલુ) પ્રસરાવનાર-**અમરચંદ માવજી શાહ**

૧૨ સંસારના મૂળરૂપને સર્વ સંકલેશના સબળ કારણ રૂપ ક્રોધાદિક ચારે કષાયો નિવારવા અને સ્વાનુભવ પૂર્વક સર્વજ્ઞ વિતરાગ પરમાત્માએ એકાન્ત હિતબુદ્ધિથી ભાખેલો ક્ષમાદિક દશ પ્રકારનો પવિત્ર ધર્મ સેવવા યથા શકિત પાન કરવો.

૧૩. બીજા લખલુટ ખર્ચો વારંવાર મેળવવાની ખાતર કરાતા એમને અળસાવી તેનો પ્રવાહ આપણી પ્રજાને ખાસ જરૂરની સઘળી કેળવણી આપવા સાધનો પુરા પાડવામાં જોડવામાં આવે તો શી ખામી રહે ?

૧૪. શરીરનું આરોગ્ય સચવાય એવ. સઘળા નિયમો લક્ષમાં લઇ જાતે પાળવા અને આપણાં બધા કુટુંબમાં પળાવવા દ્દઢ આદર રાખવો જોઇએ. શુદ્ધ સાત્વિક ખાનપાન શુદ્ધ હવાપાણી અને પ્રકાશ વાળા નિર્દોષ સ્થાનની ખાસ પસંદગી કરવી જોઈએ.

૧૫. પરોપકાર કરવો, પ્રીય બોલવું, અને સાચો સ્નેહ કરવો, તે સજ્જનોનો કુદરતી સ્વભાવ જ હોય છે ચંદ્રને કોણે શીતળ બનાવ્યે: ? જેમ એ સ્વાભાવક રીતે શીતળ છે. તેમ સજ્જનો આશ્રી સમજી લેવું.

૧૬. સજ્જનોનું ચિત્ત સંપત્તિ વખતે કમળ જેવું બન્યું રહે છે, અને આપત્તિ વખતે એમનું ચિત્ત વજ્ર જેવું કઠણ બની રહે છે. તે યુક્તજ છે, કેમકે વસંત માસમાં વૃક્ષના પત્ર ઘણાંજ કુણા હોય છે, અને ગ્રીષ્મ ઋતુમાં તે પત્ર કઠણ મજબુત બની જાય છે.

૧૭. ઉત્તમ પુરૂષો પોતાના જ ગુણોવડે પ્રસિદ્ધિ પામે છે, મધ્યમ પુરૂષો પિતાના નામથી પ્રસિદ્ધ થાય છે, અધમ પુરૂષો મોસાલના નામથી ઓળખાય છે અને અધમાધમ પુરૂષો સાસરાના નામથી ઓળખાય છે.

૧૮. સંપૂર્ણ કુંભ છળકાતો નથી, અધુરો ઘડો હોય તેજ છળકાય છે. વિદ્વાન અને કુળવંત હોય તે ગર્વ કરતાજ નથી, જે શદ્દગુણ વગરના હોય છે, તેજ બહુ બકવાદ કરતા આપ વડાઈ કરે છે.

૧૯ સહુનું સારૂં ચિંતવવવાથી આપણું પણ સારૂં થાય છે, અને સહુનું બરૂં ચિંતવવાથી આપણું પણ બરૂં થાય છે. જેવું કરવું તેવું પામવું.

૨૦. દુનિયામાં દાન જેવો કોઈ ધર્મ નથી, લોભ સમાન કોઈ શત્રુનથી, શીલ સમાન કોઈ ભૂષણ નથી, અને સંતોષ સમાન કોઈ ધન નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૧. ધર્મ સેવા કેવળ ચિત્તની પ્રસન્નતાથી યા પ્રમાદથી બજાવવી જોઈએ. કેવળ હૃદયની નિર્મળતા યા પ્રસન્નતાજ પ્રભુને પ્રત્યક્ષ કરી શકશે, કદાપી જન્મ મરણ કરવા ન પડે એવી રીતે નિર્મળ નિષ્કલંક વર્તન રાખી રહો. મન-વચન-કાયાથી શુદ્ધ વર્તન કરવા લક્ષ રાખો સદ્બુદ્ધિ પામીને આત્માતત્વનું શોધન કરો પોતાને પિછાનો.

૨૨. ન્યાય નિતી અને પ્રમાણિકતાથી પોત પોતાના અધિકાર મુજબ વ્યવસાય વડે આજીવિકા ચલાવવી એ સત્ય ધર્મનું ગર્વષક મુખ્ય લક્ષણ છે. ન્યાયો પાર્જીત દ્રવ્યથીજ સુબુદ્ધિ સાંપડે છે.

૨૩. રાગ દ્વેષ રૂપ ભાવ કર્મ થકી આત્માના સ્વાભાવિક ગુણોને આચ્છાદન કરી શકે એવા અનેક દ્રવ્ય કર્મ પેદા થાય છે, અને અવાર નવાર શરીર ધારણ કરવા રૂપ નોકર્મ પણ એનુંજ પરિણામ છે.

૨૪. મૈત્રી-પ્રમોદ કરૂણા અને માધ્યસ્થ મુક્ત સ્વ. અધિકાર અનુસાર જે હિતકારી કરણી કરવામાં આવે તેજ ખરી રીતે ધર્મ કહેવાય છે અને તેજ સ્વ. પરનું રક્ષણ કરી શકે છે.

૨૫. જેમ બને તેમ પરમાર્થ દ્રષ્ટિથી ચપળ મન અને ઇન્દ્રિયોને કબજે રાખી, વિષય તૃષ્ણાને તજી, સંતોષ વૃત્તિને આદરી, શુદ્ધ અંતર કરણથી-બ્રહ્મચર્ય સુશીલતાને એવી, સ્વવીર્યશક્તિનું સારી રીતે સંરક્ષણ કરી, તેનો સ્વપરના કલ્યાણકારી ઉદ્ધાર માટે ઉપયોગ કરવા તમારૂં લક્ષ દોરો અને પોતાનો તેમજ પરનો આ દુઃખ દરીયામાંથી ઉદ્ધાર કરી માનવભવ સફળ કરો.

૨૬. જેમાં પાંચે ઇન્દ્રિયો સંબંધી, વિષય સુખ થકી વૈરાગ્ય વિરકતતા જામે, ક્રોધાદિક ચારે કષાયોનો ત્યાગ કરવામાં આવે, સદ્ગુણો પ્રત્યે પ્રેમ પ્રગટે અને ક્રિયાકાંડ કરવામાં પ્રમાદ રહિતપણે પ્રવર્તવામાં આવે તે ધર્મ શિવસુખ પ્રાપ્તિનો આશ્વત એવા મોક્ષ સુખમાં ભળવાનો સરલ ઉપાય છે.

૨૭. શક્તિ રૂપે સર્વ જીવ સિદ્ધ સમાન છે, તેવો સાક્ષીત અનુભવ કરવો જ હોય એટલે પ્રગટ પણે સ્વરૂપ સ્થિતી પ્રાપ્ત કરવી જ હોય તો ભેદ ભાવ તજી સર્વને અભેદભાવે જોવા પ્રયત્ન કરવો. "હું અને મારા પણાનું" મિથ્યાભિમાન મૂકી દઈ શુદ્ધ જ્ઞાન રૂપ નિજપદમાં જ લીન થવું.

ક્રમશઃ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રમણ ભગવાન મહાવીર

લેખક :- વિજય ધર્મસૂરીશ્વરજી

પરંતુ અંતરના ઊંડાણમાં કાયમ માટે એક તીવ્ર વેદના ભરેલી હતી. એ વેદનાએ હતી કે વિશ્વના સર્વ જીવોને તાત્ત્વિક દૃષ્ટિએ ક્યાંઇ શાંતિ નથી. કોઈ આધિ-વ્યાધિ-ઉપાધિથી, કોઇ રોગ-શોક સંતાપથી અને છેવટે જન્મ-જરા-મરણના ત્રાસથી આખુંય જગત પીડાઇ રહ્યું છે. જગતના સર્વ સંસારી જીવોનો આ ત્રાસ કઇ રીતે દૂર થાય? હું એ સર્વ જીવો પાસે એક એવું ઉચ્ચકક્ષાના ધર્મતીર્થનું અવલંબન રજુ કરૂં કે જેના અવલંબનથી સંસારના સમસ્ત જીવો સર્વ પ્રકારના દુ:ખોથી મુક્ત થાય અને એકાન્તિક સુખ શાંતિના સંપૂર્ણ ભોક્તા બને. જગતમાં કેટલાક શ્રીમંતો પોતાની શ્રીમંતાઇનો પોતાને માટે ભોગવટો કરનારા હોય છે જ્યારે કેટલાક પુન્યવાન શ્રીમંતો પોતાની શ્રીમંતાઈનો પોતાના માટે જ ભોગવટો કરવામાં સંતોષ નથી માનતા પરંતુ કોઇપણ દીન, દુ:ખી, નિરાધારને પોતાની સંપત્તિનો ભોગવટો થાય તેમાં જ આનંદ માનનારા હોય છે એ પ્રમાણે તીર્થંકર ભગવંતના આત્માઓમાં પણ સંસારના સર્વ પ્રકારે સદાકાળ માટે સુખી કરવાની લોકોત્તર ભાવના પ્રગટ થાય છે અને એ ભાવના પ્રકટ થાય તો જ તે આત્માઓ ભાવિકાળે તીર્થંકરપણુ પ્રાપ્ત કરે છે.

આ પરમમૈત્રી ભાવનો આદર્શ તીર્થંકર થનાર આત્માના અસંખ્ય પ્રદેશોમાં **અસ્થિમજ્જા** સમાન ઓતપ્રોત થયેલો હોય છે.

## નંદનમુનિની ઉત્કૃષ્ટ આત્મસાધના

ભગવાન મહાવીરના આત્માને મહાવીર અથવા તીર્થંકર થવાનો સમય નજીક આવી પહોંચ્યો હતો. અને નંદનમુનિના મુનિજીવનમાં ત્યાગ, વૈરાગ્ય, તપસ્યા, શાસ્ત્રાભ્યાસ વગેરે સાધના ઉપરાંત વિશ્વનું કલ્યાણ કરવાની પરમમૈત્રી ભાવનાનો સૂર્ય હજારો કિરણો ઝગમગી રહયો હતો. એ નંદનમુનિએ તે કાળમાં આયુષ્ય ઘણું લાંબુ હોવાના કારણે એક લાખ વર્ષનો કાળ નિર્દોષ સાધુ જીવનની આરાધનામાં પસાર કર્યો હતો અને એ દરમ્યાન અગીયાર લાખ એંશી હજારની સંખ્યાથી અધિક સંખ્યા પ્રમાણ મહિના મહિના એક સાથે ઉપવાસ કર્યા હતા. કોઇપણ સંસારી આત્માને સિદ્ધાત્મા કિંવા પરમાત્મા બનવા માટે કેટલી કેટલી સાધનાઓ કરવી પડે છે!

ક્રમશઃ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(સંકલન – રતિલાલ માણેકચંદ શાહ)

(૧) વ્યવહાર નય ભલે શરીરની સાથે આત્માનું એકત્વ સ્વીકારે પરંતુ નિશ્ચય નય શરીરની સાથે આત્માની એકતા સહન નથી કરતો.

(૨) ઈન્દ્રિયોને 'પર' કહેવામાં આવે છે, ઈન્દ્રિયોથી મન 'પર' છે, મનથી બુદ્ધિ 'પર' છે અને બુદ્ધિથી પણ 'પર' આત્મા છે! એવા અમૂર્ત આત્મામાં મૂર્તતાનો આરોપ કરી અજ્ઞાની માણસો ભ્રમણામાં અટવાય છે.

(૩) પુદ્ગલ દ્રવ્યનો ધર્મમૂર્તતા છે, આત્માનો ગુણ જ્ઞાન છે. માટે પુદ્ગલોથી આત્મ દ્રવ્ય ભિન્ન છે.

(૪) ઈન્દ્રિય, બળ, શ્વાસોચ્છવાસ અને આયુષ્ય, આ દ્રવ્ય પ્રાણો પુદ્ગલના જ પર્યાયો છે. તે આત્માથી અત્યંત ભિન્ન છે માટે દ્રવ્ય પ્રાણોમાં આત્માની ભ્રાન્તિ વર્જવી જોઇએ. આત્માએ દ્રવ્ય પ્રાણો શિવાય જીવે છે!

(૫) કર્મોને ઉપાર્જન કરનાર એ જીવ છે અને તે કર્મના ફળને ભોગવનાર પણ તે જીવ છે....કર્મથી....કર્મના પ્રભેવોથી આત્માની ભિન્નતાનું જ્ઞાન કરવા માટે મુનિએ હંસવૃત્તિવાળા બનવું જોયએ, હંસ જેવી રીતે પાણી દૂધના મિશ્રણમાંથી દૂધને ગ્રહણ કરી, પાણીને જીવને ગ્રહણ કરી કર્મને ત્યજી દે છે. તે માટે જીવના અસાધારણ લક્ષણોને તે જાણે અને એ રીતે જીવનું શ્રધ્યાન કરે,

(૬) ભેદજ્ઞાનનો વિવેક જ્યારે મુનિમાં આવે છે, ત્યારે તે મહાન આત્માનંદને અનુભવે છે. રાગાદિ દોષોનો ઉપસમ થઈ જાય છે અને ચિત્ત પ્રસન્ન બની જાય છે.

(૭) "મનથી ભિન્ન, વચનથી ભિન્ત, કાયાથી ભિન્ન. ચૈતન્ય સ્વરૂપ આત્મા છે" આ રીતે આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ જાણવું અને શ્રદ્ધા કરવી.

(૮) નિરંતર આત્મજ્ઞાન માટે પ્રયત્ન કરવો જોઈએ એક આત્માને જાણીલો બાકી કઇજ જાણવાનું રહેતુ નથી! આત્મજ્ઞાન માટે જ નવ તત્વોનું જ્ઞાન મેળવવાનું છે. આત્મા ન જાણ્યો તેને કાંઇજ નથી જાણ્યું કર્મકૃત વિકૃતિનો આત્મામાં આરોપ કરીને ભીષણ ભવસાગરમાં અજ્ઞાની જીવો ભટકે છે. માટે ભેદજ્ઞાન આત્મ જ્ઞાન પ્રાપ્ત કરવું જરૂરી છે (અધ્યાત્મશાસ્ત્ર).

(ક્રમશ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અઢાર પાપસ્થાનકો સંબંધી સાહિત્ય

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ એ )

જેનું સેવન કરવાથી પાપ બંધાય–લાગે તેને 'પાપસ્થાનક' કહે છે જૈન ધર્મ પ્રમાણે આ પાપસ્થાનકોની સંખ્યા ૧૮ની છે એના નામો સૌથી પ્રથમ ઠાણ (ઠા. ૧, સુત્ત ૪૮–૪૯)માં દર્શાવાયા છે, એના જેવા આધારે પંચપ્રતિક્રમણસૂત્રમાં '૧૮ પાપસ્થાનકો નામની કૃતિને સ્થાન અપાયું છે, ઠાણ ઉપર અભયદેવસૂરિએ વિ. સં. ૧૧૨૦માં વૃત્તિ રચી છે, એમાં ઠાણગત અઢારે પાપસ્થાનકો વિષે સ્પષ્ટીકરણ છે.

નેમિચન્દ્રસૂરિએ પવમહાસારુદ્ધાર ( પ્રવચનસારોદ્ધાર ) રચ્યો છે એનાં ૨૭૬ દ્વારો છે. એ પૈકી ૨૭૨માં દ્વારમાં ૧૮ પાપસ્થાપકોના નામો પાઇઅ (પ્રાકૃત)માં દર્શાવ્યા છે, એના સંસ્કૃત નામો હું અત્રે સૂચવું છું :–

(૧) પ્રાણાતિપાત, (૨) અલીક (મૃષાવાદ), (૩) અદત્ત, (૪) મૈથુન (અ-બ્રહ્મ), (૫) પરિગ્રહ, (૬) રાત્રિભક્ત, (૭) ક્રોધ, (૮) માન, (૯) માયા (૧૦) લોભ, (૧૧) રાગ, (૧૨) દ્વેષ, (૧૩) કલહ, (૧૪) અભ્યાખ્યાન, (૧૫) પૈશુન્ય, (૧૬) પરપરિવાદ, (૧૭) માયાપોહ (માયામૃષાવાદ) અને (૧૮) મિથ્યાદર્શનશલ્ય.

આ પવયહ્રાન ઉપર સિદ્ધસેનગણિએ તત્ત્વપ્રકાશિની નામની વૃત્તિ વિ સં. ૧૨૪૮ કે ૧૨૭૮માં રચી છે, તેમાં એમણે કહ્યું છે કે સ્થાનાગમાં પાપસ્થાનોમાં રાત્રિભોજનનો ઉલ્લેખ નથી પરંતુ એમાં પરપરિવાદની પહેલાં અરતિરતિનો નિર્દેશ છે રાત્રિભોજનને પાપસ્થાનક અન્ય કોઈએ કહ્યાનું જાણવામાં નથી. એ હિસાબે એનો ઉલ્લેખ પવયણની વિશિષ્ટતા સૂચવે છે.

પયાગચ્છીય સંધારગ પોરિસી (સંસ્તાકારક પૌરુષી)માં પદ્ય ૫–૬માં અઢારે પાપસ્થાનકોના નામો પ્રાકૃતમાં છે. એમાં (ચોરિકા (ચૌર્ય) અને રાગને બદલે પિજ્જ (પ્રે) છે, જો કે અર્થભેદ નથી, ક્રમ પણ ચાલુ પ્રમાણે છે.

ખરતરગચ્છીય સંધારગમાં પાંચમી ગાથામાં ૧૮ પાપસ્થાનકોનાં નામો દર્શાવતી વેળા આસ્રવ અને કષાયનો નિર્દેશ છે, પ્રાણાતિપાતથી માંડીને પરિગ્રહ એ પાંચ આસ્રવો છે અને ક્રોધાદિચાર કષાયો છે, આમ આ કૃતિ પણ પ્રચલિત પ્રતિક્રમણસૂત્ર-ગતકૃતિ સાથે સામ્ય ધરાવે છે, જો કે ક્રમમાં ફેર છે કેમ કે એ નીચે મુજબ છે –

અભ્યાખ્યાન, પરપરિવાદ, અરતિરતિ, પૈશુન્ય, માયામૃષાવાદ અને મિથ્યાત્વશિલ્પી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અચલગચ્છીય તેમજ પાર્શ્વચન્દ્રીય સંથારગમાં ૧૮ પાપસ્થાનકોની જે ગાથા છે તે સર્વાંશે તપાગચ્છીય સંથારગ પ્રમાણે જ છે, અલબત્ત આ બંને કૃતિમાં પરિગ્રહને બદલે દ્રવિણમુચ્છ (દ્રવિણમૂર્ચ્છા) છે પરંતુ અર્થભેદ નથી.

પ્રાચીન ગુર્જર કાવ્ય સંગ્રહ (પૃ ૮૬)માં આરાધના નામની કૃતિને સ્થાન અપાયું છે, એ વિ. સં. ૧૩૩૦માં લખાયેલા તાડપત્રીય પ્રતિ ઉપરથી સંપાદિત કરાઇ છે, એમાં ૧૮ પાપસ્થાનકો નામો તો પ્રચલિત પ્રમાણે જ છે પરંતુ ક્રમમાં તફાવત છે, કેમ કે ત્યાં નીચે મુજબ નિર્દેશ છે :–

રતિઅરતિ, પૈશુન્ય, મિથ્યાદર્શન શલ્યુ અને પરપરિવાદ છે, આ કૃતિમાં ૧૭ નામો છે એક ખુટે છે તે માયામૃષાવાદ હશે.

+ ૧–૨ આ બંને કૃતિ કયારે રચાઈ તેનો કોઈ સ્થળે નિર્દેશ છે ખરો.

૩ આ કૃતિ તરફથી બહુ થોડાનું ધ્યાન ગયું હોય એમ લાગે છે.

પાર્શ્વચંદ્ર ગચ્છના બ્રહ્મ યાને વિનયદેવસૂરિએ ૧૮ પાપસ્થાન પરિહાર ભાષા રચી છે, એની એક હાથપોથી વિ. સં. ૧૬૮૦માં લખાંઇ છે પ્રસ્તુત કૃતિમાં ૧૮ પાપ-સ્થાનકોના નામો છે.

ન્યાયાચાર્ય યશોવિજયગણિએ અઢાર પાપસ્થાનકની સજ્જાઈ રચી છે, એમાં બધા પાપસ્થાનકોના નામો આપ્યા છે તે પ્રચલિત પ્રમાણે જ છે, આ સમજણનો પરિચય મેં યશોદોહન (પૃ. ૧૨૧–૧૨૩)માં આપ્યો છે એમાં જે પ્રસંગોપાત બીનાઓ મેં દર્શાવી છે તેમાંથી એક જ નો અત્રે ઉલ્લેખ કરું છું તે એ છે કે દરેક પાપસ્થાનક અંગેની એકેક ઢાલમાં એના સેવનથી થતી હાનિ અને એના ત્યાગથી થતા લાભ વિષે પ્રકાશ પડયો છે

પ્રશ્ન :–કયું પાપસ્થાનક સેવનથી કર્મની જ્ઞાનાવરણીવાદિ આઠ પ્રકૃતિઓમાંથી કઇ બધાય એ તેમજ પંદર કર્મદાનો માટે પણ આવો પ્રશ્ન હું રજુ કરૂં છું, અને એના ઉત્તર આપવા માટે સહૃય સાશારોને સાદર વિનંતિ કરૂં છું.

+ ૧–૨ જુઓ જૈન ગુર્જર કવિઓ ( ભા. ૧ પૃ. ૧૫૫–૧૫૬ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગવાસ નોંધ

મુંબઈના જાણીતા જૈન આગેવાન શ્રી જીવતલાલ પ્રતાપશીભાઈ (ઉંમર વર્ષ ૯૨) સં. ૨૦૩૪ના માગશર વદ ૬ ને શનીવાર તા. ૩૧-૧૨-૭૭ના રોજ સ્વર્ગવાસી થયેલ છે તે જાણી અમો ઘણા જ દિલગીર થયા છીએ, તેઓશ્રી ખુબ જ મળતાવડા સ્વભાવના તેમજ ધાર્મિક લાગણીવાળા હતા તેમજ જાહેર ધાર્મિક સંસ્થાઓમાં ખુબ રસ લેતા હતા. તેઓશ્રી આ સભાના પેટ્રન હતા. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

પુનાવાળા શ્રી રૂષભદાસજી રાંકાજી (ઉંમર વર્ષ ૭૪) સંવત ૨૦૩૪ના કારતક વદ ૦)) તા. ૧૦-૧૨-૭૭ના રોજ પુના મુકામે સ્વર્ગવાસી થયા છે. તે જાણી અમો ઘણા દીલગીર થયા છીએ તેઓશ્રીના સ્વર્ગવાસ થવાથી જનસમુહમાંથી એક સજ્જન શિરોમણી સરળપરિણામી, નિખાલસ, સંવેદનશીલ અને સૌ પ્રત્યે પોતાના વીરોધીઓ પ્રત્યે પણ મિત્રભાવ ધરાવતા એક મહાનુભાવ સદાને માટે અદ્દશ્ય થયા છે. તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતી આપે એવી પ્રાર્થના

---

**રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ-૪ સરકારી નિયમ ૮ પ્રમાણે "શ્રી જૈન ધર્મ પ્રકાશ"** માસિકના સબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે

૧. પ્રસિદ્ધ સ્થળ : **શ્રી જૈન** ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો-ભાવનગર

૨. પ્રસિદ્ધિક્રમ : દર અંગ્રેજી મહિનાની સાતમી તારીખે

૩. મુદ્રકનું નામ : ગાંધી ફતેચંદ ખોડીદાસ પ્રો. અરુણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.
કયાં દેશના-ભારતીય

૪. પ્રકાશકનું નામ : જયંતીલાલ મગનલાલ શાહ; ઠેકાણું શ્રી જૈન ધર્મપ્રસારક સભા
કયાં દેશના ભારતીય

૫. તંત્રીનું નામ ઉપર પ્રમાણે

૬. માસિકના માલિકનું નામ : **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા** કાંટાવાળો ડેલો-ભાવનગર

હું જયંતીલાલ મગનલાલ શાહ, આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા ૭-૨-૭૮ **જયંતીલાલ મગનલાલ શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## દરેક, જૈન ભાઇઓને ખુશ ખબર

સંપુર્ણ સગવડતા સાથે...

વેવીશાળ માટે હોલ મળશે.

—: મળો :—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા**

કાંટાવાળો ડેલો—ભાવનગર.



## જૈન ડીરેકટરી

સમગ્ર ગુજરાત ભરમાં આવેલ તમામ જૈન યુવક મંડળો અને જૈન મહિલા મંડળોના નામ સરનામાની ડીરેકટરી તૈયાર કરવાની યોજના શ્રી જૈન યુવક મંડળ, ગોધરાએ તૈયાર કરી છે તો ગુજરાત ભરનાં તમામ જૈન યુવક મંડળોને તથા જૈન મહિલા મંડળોને પોતાના મંડળનું નામ-સરનામું, પ્રમુખ તથા મંત્રીનું નામ-સરનામું નીચેના સરનામે તાત્કાલીક મોકલી આપવા આગ્રહ ભરી વિનતિ છે.

**શ્રી જૈન યુવક મંડળ, ગોધરા.**

C/o દીપકકુમાર કેશવલાલ શાહ એડવોકેટ

મકતકુવા ગોધરા. જી. પંચમહાલ,

પીનકોડ ૩૮૯ ००૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No Reg. B.V.-37

## ભાવનગર શ્રી સંઘને આંગણે દાદાસાહેબમાં મહામંગલમય ઉપધાનતપની આરાધના માળા રોપણ પ્રસંગે શુભેચ્છા

મહા મંગળમય ઉપધાન તપ, ભાવનગર 'દાદાસાહેબ'માં,
બોતેર વરસે અપૂર્વ અવસર, "કૈયલાસસૂરિ" નિશ્રામાં ... ૧

'ગધમસાગર' પ્રવચનોથી ભવિજનો ઉલ્લાસમાં,
આરાધના ઉત્તમ કરે, સેંકડોની સંખ્યામાં .... ૨

આત્માની સમીપમાં; ધ્યાન આત્માનુ ધરે,
ઉપધાન તપ જય ક્રિયાઓ, "પ્રાણુલાલ દોસી લાભ લ્યે .... ૩

વ્યવસ્થા વખણાય બહુ, સેવા કરે ઉલ્લાસથી
ભાવનગરના સંઘમાં, અનોખા શુભ પ્રસંગથી .... ૪

દેવ ગુરૂનાં સુપસાયથી, પૂર્ણાહુતિ પ્રસંગમાં
ઉપધાનતપની માળારોપણુ, મહોત્સવ થાય આનંદમાં ... ૫

સુખ વૈભવ ત્યાગીનો, ઉપધાન તપમાં બેસીયાં,
ચારસોને પાંચ માળા, તપસ્વીઓએ પહેરીયા .... ૬

અભિનંદન અંતરના, માળારોપણુ પ્રસંગમાં,
મહાન તપ અનુમોદના કરીએ અમે સૌ વંદના ... ૭

આશિર્વાદ વરસાવીએ, સૌ સુખશાતામાં રહો
પ્રેરણા લઇ ધર્મની સૌ 'અમર' શુભેચ્છા ગ્રહો ... ૮

અમરચંદ માવજી શાહ તળાજા

પ્રકાશક : જયંતીલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ખારગેઇટ, ભાવનગર ફોન ; ૪૬૪૦

For Private And Personal Use Only